આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૨૬ | ૧૬ જુલાઇ, ૨૦૧૪, બુધવાર; અષાઢ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


પ્રેમ એ વિસર્જનની પ્રક્રિયા છે, સુગંધ પુષ્પના સુક્ષ્મ વિસર્જનનું પરિણામ છે, તડકો એટલે સૂર્યનું વિસર્જન

- ઓશો

# જિલ્લામાં ૧૦૦ શાળાઓ નિર્મળ બનાવાશે

## જિલ્લાની ૧૦૦ શાળાઓમાં સ્વચ્છતા અંગે બાળ-અદાલતો યોજાશે : નિર્મળ શાળાના નિર્માણની સાથે સાથે સ્વચ્છતા અંગે જન-જાગૃતિ અભિયાન આંદોલનમાં પરિવર્તિત કરવા આયોજન



મોર થનગાટ કરે - વર્ષાના આગમનનો પ્રથમ અણસાર મોરના નૃત્યથી થાય છે... પ્રકૃતિને ઓળખવાની શક્તિ પંખીઓમાં અદ્વિતિય હોય છે... એમાય ખાસ કરીને મોર વર્ષના આગમનના અણસાર થતાં જ 'કળા' કરવા લાગે છે... પોતાના પીંછાઓને સુંદર મજાના આકારે પ્રસરાવી અનોખું નૃત્ય કરે છે. આ પ્રકૃતિનો પરમ વૈભવ છે... આજના દોડધામના યુગમાં પરમ વૈભવને પામવા થોડીક ક્ષણો પ્રકૃતિ માટે પણ ફાળવવી જરૂરી છે... જેમાંથી જગતના આનંદને જીવનના આનંદમાં પરિવર્તિત કરવાની ક્ષમતા નિર્માણ થાય છે... વસુધૈવ કુટુંમ્બકમ્ ના વેદમંત્રોના આપણે વિદ્યાર્થીઓ છીએ... પૃથ્વીના આ તમામ જીવોનો આનંદ એ જ આપણો આનંદ બને ત્યારે આપણામાંનું મનુષ્યત્વ ખીલી ઉઠે છે... મોરની ખુશાલી આપણા રોમેરોમને સ્પર્શ કરે છે... આપણા હૃદયને લાગણીથી તરબતર કરે છે અને પ્રકૃતિ સાથે મનનું અનુસંધાન જોડાય ત્યારે મોરની કળાને સમજવાની દૃષ્ટિ પ્રગટે છે. (તસવીર : સૌમ્ય બ્રહ્મભટ્ટ)

ગાંધીનગર, તા. ૧૫

જિલ્લાની ૧૦૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં આ બે માસના ગાળામાં સ્વચ્છતાના મુદ્દે વિશેષ બાળ-અદાલતોનો નવતર કાર્યક્રમ યોજી અને સ્વચ્છતા અભિયાનને એક નવી દિશા આપવામાં આવશે.

ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક ૧૦૦ દિવસ અંતર્ગત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતાના મુદ્દે બાળ-અદાલતોનું આયોજન કરવામાં આવનાર છે. આ ઉપરાંત શાળામાં પણ સ્વચ્છતા અંગેનું વિશેષ અભિયાન હાથ ધરી નિર્મળ શાળા બનાવવામાં આવશે.

શિક્ષણ સમિતિએ આ અંગેના કરેલા એક વિસ્તૃત પરિપત્રમાં શાળા સ્વચ્છતા સમિતિના ગઠનથી લઈ અને નિર્મળ શાળા બનાવવા સુધીની તમામ વાતો કરવામાં આવી છે. શાળા મેનેજમેન્ટ કમિટી, બાળકોના પ્રતિનિધિઓ તેમજ શિક્ષકોની મળી સાત સભ્યોની આ સ્વચ્છતા સમિતિ રચવામાં આવશે.

સ્વચ્છતા એ સુટેવ બને અને શાળાની ઓળખ બની રહે તે માટે વિદ્યાર્થીઓમાં વર્ગવાર નિબંધ સ્પર્ધા, સ્વચ્છ વર્ગની સ્પર્ધા જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવા માટે આ પરિપત્રમાં જણાવાયું છે.

સ્વચ્છતાને લગતા ભીંતસૂત્રો પણ બાળકો ગામની જાહેર દિવાલો પર લખે અને તેની પણ સ્પર્ધા કરવાનું પણ સૂચન કરાયું છે.

સ્વચ્છતા અભિયાન અંગે બાળકોને વાહક બનાવી એક જન આંદોલન ઉભુ થાય તે દિશામાં સમગ્ર કાર્યવાહી કરવામાં આવે તેવો આગ્રહ આ પરિપત્રમાં શિક્ષણ સમિતિએ કર્યો છે. જિલ્લામાં સ્વચ્છતા અંગેની આ ઝુંબેશ એક વિશેષ અભિયાન બની રહેશે.

દર માસના બીજા શનિવારે આ સ્પર્ધાનું આયોજન કરવા પણ સૂચવવામાં આવ્યું છે. સ્વચ્છતામાં સૌથી વધુ મોખરે હોય તેવા વિદ્યાર્થીઓને દર માસે પ્રોત્સાહક ઈનામો આપવા પણ જણાવવામાં આવ્યું છે.

શાળાની પાણીની ટાંકીની નિયમિત સફાઈ, ક્લોરીનેશનના પગલાં લેવા તેમજ દરેક વર્ગખંડની બહાર કચરા ટોપલી મુકવા પણ જણાવવામાં આવ્યું છે.

આ પરિપત્રમાં દરેક શાળામાં એક હેલ્થ કોર્નર બનાવવા માટેનું પણ જણાવવામાં આવ્યું છે. જ્યાં બાળકોની નિયમિતરીતે સમયાંતરે તપાસ થાય.

આ આખી ઝુંબેશનું જિલ્લાકક્ષાએ વિશેષ મોનીટરીંગ પણ દર માસે કરવામાં આવનાર છે. બાળ-અદાલતોનું આયોજન કરી ન્યાયિક પ્રક્રિયાથી બાળકો જાણકાર બને એટલું જ નહિ તેમનામાં વક્તૃત્વ શક્તિ ખીલે તેવો પણ આશય છે.

શિક્ષણ સમિતિએ આ બાળ-અદાલતોના આયોજનને આખરી ઓપ આપવાની દિશામાં હાલ કામગીરી હાથ ધરી છે. જે એકાદ સપ્તાહમાં જ પૂર્ણ થઈ જશે.

# ઊર્જા સંચાલિત બસ સેવા સચિવાલય પુરતી જ : સૌરભભાઈ

ગાંધીનગર, તા. ૧૫

સોલાર બસ સેવા પ્રારંભમાં સચિવાલય પુરતી સિમીત રહેશે તેમ રાજ્યના ઊર્જા પ્રધાન શ્રી સૌરભ પટેલે આજે જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે સચિવાલય સંકુલના મુલાકાતીઓ અને કર્મચારી માટે તેને ઉપયોગમાં લેવામાં આવશે. આ માટે ૫ થી ૬ બસો પ્રારંભમાં લવાશે. આ બસો આગામી બે થી ત્રણ માસમાં આવી જશે.

શ્રી સૌરભ પટેલે જણાવ્યુ હતુ કે આ તદ્દન નવો અભિગમ છે. બીજા તબક્કામાં વાહનોની ખરીદી કરાશે અને સોલાર પાવર બસો રોડ પર મુકવામાં આવશે. જો કે સરકારે આ અંગે હજુ સ્પષ્ટ નિર્ણય લીધો નથી. રાજ્ય સરકાર આ વિશે હજુ વિગતો એકત્ર કરી રહી છે જેમાં તેની કિંમત, તેમજ તેની પ્રોસેસ અને રૂટ સંચાલન સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

# રાજ્યની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ડ્રેસ કોડની વિચારણા

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત સરકારે પ્રાથમિક શિક્ષકો માટે ડ્રેસ કોડ બનાવવો જોઈએ તેવી ભલામણ પાંચ સભ્યોની એક સમિતિએ કરી છે.

રાજ્યના શિક્ષણ વિભાગે ગુણવત્તાસભર શિક્ષણ માટે એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી હતી અને તેને આ ભલામણ કરી છે.

જો કે રાજ્ય સરકારે આ ભલામણનો સ્વીકાર કર્યો કે નહિ તે અંગેની વિધિવત્ જાહેરાત વિધાનસભાના સત્ર દરમ્યાન થશે તેમ મનાઈ રહ્યું છે. જો કે શિક્ષણ વિભાગ આ અંગે હજુ સુધી કંઈજ બોલવા ઉત્સુક નથી.

# વાહનોની સંખ્યા બાવન લાખથી વધીને પોણા બે કરોડ થઈ

## નવા સાત જિલ્લાઓમાં જમીન સંપાદન : વાહન નોંધણી-લાયસન્સ માટે ઓનલાઈન અરજી સુવિધા સમગ્ર રાજ્યમાં પુરી પડાશે : ૬ નવી આરટીઓ કચેરી

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં વિકાસની સાથેસાથે વાહનોની સંખ્યામાં વધારો થતાં વ્યવસ્થાને વધુ અસરકારક અને સરળ બનાવવામાં આવી રહી છે. વાહનોની નોંધણી અને લાયસન્સ માટે ઓનલાઈન અરજીની સુવિધા આવનારા દિવસોમાં સમગ્ર રાજ્યમાં પુરી પાડવામાં આવશે. વાહનવ્યવહાર મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ (ગ્રામ્ય) બાવળા, વડોદરા (દરજીપુરા), અમરેલી, જુનાગઢ, પોરબંદર અને રાજપીપળામાં નવી આરટીઓ કચેરીનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું ચે. નવા જાહેરા કરાયેલા સાત નવા જિલ્લાઓમાં જામીન સંપાદનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

વિધાનસભા ગૃહમાં વાહનવ્યવહાર વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા દશ વર્ષમાં ગુજરાતમાં લોકો દ્વારા વપરાતા વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયેલ છે. વર્ષ ૨૦૦૦માં ગુજરાતમાં વાહનોની સંખ્યા ૫૨ લાખ હતી તે વધીને વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૭૦.૯૩ લાખ થઈ છે. રાજ્ય સરકારે મોટર વાહન વેરાના ૬૭ દરો અમલમાં હતા તેને સરળ અને તર્કસંગત બનાવીને માત્ર ૧૪ પ્રકારના વેરાના દરો રાખ્યા છે, લોકો મોટે લાયસન્સ મેળવવાની મેળવવાની પ્રક્રિયા પણ સરળ બનાવવામાં આવી છે. લાયસન્સ માટે એક બારી પદ્ધતિ અપનાવવામાં આવી છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં પ્રવેશતા વાહનો મોટર વાહન કાયદાનાં નિયમોનું પાલન કરે છે અને ટેક્ષ ભરે છે તે ચકાસવા ચેકપોસ્ટને કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવ્યું છે. કોમ્પ્યુટરાઈઝેશનના પહેલાના વર્ષ એટલે કે, ૧૯૯૬-૯૭માં ચેક-પોસ્ટની આવક માત્ર રૂા. ૩૨ કરોડ હતી કે વર્ષ ૨૦૧૩-૧૪માં રૂા. ૨૨૮.૫૬ કરોડ જેટલી થઈ છે. રાજ્યના એક કરોડ વાહનોનો સંપૂર્ણ રેકોર્ડ કોમ્પ્યુટરાઈઝ કરવાનું આયોજન છે. નાગરીકો અને આવનારી પેઢીને ટ્રાફીક શિક્ષણ આપવા ટ્રાફીક એજ્યુકેશન અને અવેરનેશ મોબાઈલ વાનનો નવતર પ્રયોગ રાજ્યમાં શરૂ કરવામાં આવ્યો છે. ટ્રેનર સાથેના આ વાનનો પ્રયોગ પંચમહાલ જિલ્લામાં કરવામાં આવ્યો હતો જે વર્ષ ૨૦૧૩-૧૪માં અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર, જુનાગઢ, ભૂજ, બનાસકાંઠા, સાબરકાંઠા, નવસારી અને ગોધરા જિલ્લામાં પણ શરૂ કરવામાં આવ્યો છે.

## NEWS બિટ્સ

**● ચીનમાં બુલેટ ટ્રેઈનો દેવામાં ચાલી રહી છે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીન અને જાપાનના પગલે ભારતમાં



પણ બુલેટ ટ્રેઈન દોડાવવા માંગે છે, પરંતુ તેમના આ ડ્રીમ પ્રોજેક્ટ પર ઘણા સવાલ ઉભા થયા છે. ચીનમાં પણ બુલેટ ટ્રેઈનો ખોટમાં દોડી રહી છે અને બુલેટ ટ્રેનોના કારણે ચાઈનીઝ રેલવે દેવામાં ડુબી રહ્યું છે. હાલ ભારતીય રેલવેની પણ હાલત ખરાબ હોઈ ભારતમાં બુલેટ ટ્રેઈન માટે અનેક તર્કવિતર્ક ચાલી રહ્યા છે.

**● મહારોગ ડાયાબીટીશ તેમજ હૃદયરોગની દવાઓ સસ્તી થશે**

કેન્દ્ર સરકાર દ્વારા આરોગ્ય



ક્ષેત્રે નાગરિકોને રાહત આપવાનું વિચારાઈ રહ્યું છે. આવનારા દિવસોમાં મહારોગ ડાયાબીટીશ તેમજ હૃદયરોગને લગતી દવાઓ ૩૫ ટકા જેટલી સસ્તી થશે કેમ કે આ બંને રોગની ૫૦ દવાઓને 'ભાવ નિયંત્રણ' હેઠળ સામેલ કરવામાં આવશે. આ દવાઓમાં ગ્લીક્લાઝાઈડ, ગ્લીઝપીરાઈડ, સીટાગલીપ્ટીમ, વોગ્લીબોસ, અમલોડીપીન, હેવરીન અને રામીપ્રીલનો સમાવેશ થાય છે.

**● પીઢ અભિનેતા દિલીપકુમારના પાકિસ્તાનમાં આવેલ ઘર હવે નેશનલ હેરીટેજ**

પાકિસ્તાનમાં જન્મેલા અને ભારતીય ફિલ્મ જગતના



અભિયન ક્ષેત્રે પીઢ અદાકાર દિલીપકુમારના પાકિસ્તાનના પેશાવરમાં આવેલ તેમના પૂર્વજોના ઘરને નેશનલ હેરીટેઝ જાહેર કરવામાં આવ્યું છે. પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે આ માટે જાતે સૂચના મોકલી આ અંગે રસ દાખવ્યો હતો. એવું કહેવાય છે કે ભારત-પાકિસ્તાનના સંબંધો વધુ મજબુત કરવા નવાજ શરીફ દ્વારા આ પ્રોજેક્ટને પ્રમોટ કરવામાં આવશે.

**● હવે ખાસ સોફ્ટવેર ઓનલાઇન બેન્કીંગ ફ્રોડ નિવારશે**

અત્યારના કોમ્પ્યુટરાઈઝડ યુગમાં ઓનલાઈન બેન્કીંગ ખૂબ



લોકપ્રિય બનતુ જાય છે. પરંતુ સાથે સાથે તેમા ફ્રોડ થવાના કિસ્સા પણ વધી રહ્યા છે. હવે આ ફ્રોડ નિવારવા એક ખાસ સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે. જે થોડાક જ સમય કે દિવસોમાં અલગ-અલગ શહેરોમાંથી થતા ટ્રાન્ઝેકશન અંગે ગ્રાહકને જાણ કરશે અને ગ્રાહકની સંમતિ બાદ જ તેને મંજુરી અપાશે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧



રવિવારની રજાનો સદ્ઉપયોગ કરી ગુજરાત સરકારમાં નોકરી મેળવો !

શું આપશ્રી આપના બાળકને ધો.૧૨ થી જ એક લક્ષ્ય સાથે ભવિષ્યમાં સરકારી નોકરી મળી જાય જેવી કે...

[GPSC / UPSC / ગુજરાત સરકાર]

✓ ડેપ્યુટી કલેક્ટર ✓ Dy.SP ✓ IAS / IPS ✓ TDO ✓ SO ✓ PSI ✓ કોન્સ્ટેબલ ✓ તલાટી ✓ કલાર્ક ✓ RFO ✓ RTO

વગેરેમાં નોકરી મળે એવું ઈચ્છો છો ?

તો, આવો આપણે સાથે મળીને બાળકનાં ઊજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરીએ !

ધો.૧૨ પાસ અથવા ચાલુ અભ્યાસક્રમ દરમ્યાન જ આપ શરૂઆત થી રજાના દિવસનો સદ્ઉપયોગ કરી શકો છો અને આપનું સ્વપ્ન સાકાર કરી શકો છો

TCCI EDUCATION PVT. LTD.
(ISO : 9001-2008 Certified Company)

છેલ્લા ૨૦ વર્ષથી વિશ્વાસનું એકમાત્ર પ્રતીક જે શરૂ કરે છે...

12 માસ નો કોર્ષ (૪૦ અઠવાડિયાનો કોર્ષ)

ભણવાનો સમય સવારના 9 થી 12-30 બપોરના 1 થી 4-30 ફક્ત રવિવાર

માત્ર દર રવિવારે 7 કલાકનું શિક્ષણ

ફી માસિક માત્ર ₹ 4,000/- (એક સાથે ભરનાર માટે ફી માત્ર 36000/- રહેશે) તથા શરૂઆતમાં બે માસિક હપ્તા એડવાન્સ ભરવાના રહેશે પછી દર મહિને 4,000/- ભરવાના રહેશે.

'જીવનદીપ કોર્ષ-2014' કોર્ષની વિશેષતા / ઉપયોગિતા

☛ ભણાવવામાં આવા વિષયો : ★ સ્પર્ધાત્મક ગણિત (૪૦ પ્રકરણ) ★ બુદ્ધિચાતુર્ય કસોટીઓ (15 પ્રકરણ - Verbal / Non Verbal) ★ અંગ્રેજી વ્યાકરણ (સંપૂર્ણ ગ્રામર) ★ ગુજરાતી વ્યાકરણ અને સાહિત્ય ★ સામાન્ય જ્ઞાન (GPSC / UPSC કક્ષાનું) ★ ઈન્ટરવ્યું ટેકનીક સાથે પર્સનાલીટી ડેવલપમેન્ટ ★ સ્પોકન અંગ્રેજી ☛ સંપૂર્ણ સાહિત્ય ફ્રી ☛ દરેક ટોપિક્સને અંતે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ ☛ 24000+ થી વધુ હેતુલક્ષી પ્રશ્નોનું સોલ્યુશન સાથે વર્ણનાત્મક સંપૂર્ણ સમજૂતીનું શિક્ષણ (ઉપરોક્ત કોર્ષના ☛ શિક્ષણ થી આપ 'સરકારી નોકરી' ૧૦૦% મેળવી શકો છો જે આપનું લક્ષ્ય છે પરંતુ આપને રવિવારે રજાનો સદ્ઉપયોગ કરવો પડશે.) ☛ UPSC / GPSC /ગુજરાત સરકારની તમામ ક્ષેત્રની ભરતી માટે આપ શરૂઆત થી જ સક્ષમ બની જાઓ છો અને તમામ પરીક્ષા પધ્ધતિથી આપ પહેલેથી જ જાણકાર બનો છો. ☛ મનોવૈજ્ઞાનિક તાલીમ પણ 'ફ્રી' આપવામાં આવશે. (આત્મવિશ્વાસ વધારવાના હેતુ થી) ☛ તમામ પરીક્ષાઓનાં પેપરોનું સોલ્યુશન (ભૂતકાળમાં લેવાયેલ.)

TCCI વર્ષ-2014 નો 'જીવનદીપ' કોર્ષ-2014 નો લક્ષ્યાંક

ગાંધીનગર : 40 બેઠકો | પેથાપુર : 60 બેઠકો | મહેસાણા : 50 બેઠકો

વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. (એક ફોટો, LCની ઝેરોક્ષ કોપી તથા ફી સાથે લાવવાની રહેશે)

| પ્રવેશ શરૂ તા. | પ્રવેશ બંધ થવાની તા | વર્ગ શરૂ થવાની તા. | કોર્ષનો સમયગાળો |
|---|---|---|---|
| 17.07.2014 ગુરૂવાર | 24.07.2014 ગુરૂવાર | 03.08.2014 રવિવાર | 12 (Months) 40 અઠવાડિયા |

કોર્ષ : મહેસાણા / ગાંધીનગર / પેથાપુર એક જ તારીખે શરૂ થશે તા. 03.08.2014 (રવિવાર) થી

ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)

મહેસાણા 9537614607 — પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઇડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)

પેથાપુર ઓફીસ નં. 207, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, ગાંધીનગર. રૂબરૂ મળવાનો સમય સવારના 9-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)

પ્રવેશ માત્ર તા. 17 થી 24 July 2014 સુધી જ, વર્ગ શરૂ તા. 03.08.2014

1994થી સરકારી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...